શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૩

અંક : ૧


## સંસ્થાની યાત્રા-૪

છેલ્લા અંકમાં ભાગ–૩ માં જણાવ્યા મુજબ કાર્યક્રમો, પ્રોજેકટ હેઠળ કામગીરી આગળ વધતી રહી તે પ્રમાણે વર્ષ ૨૦૦૧ માં ૩૦ ગામોમાં સ્વસહાય જુથની કરેલ રચનાં માટે કુલ ૧૨૫૧ સભ્યોનું જોડાણ એકટીવ થયું અને ૧૧૪ જુથ પૈકી ૧૦૯ જુથનું બેંક સાથે જોડાણ કરવામાં આવ્યું. ડેવલપમેંટ અલ્ટરનેટીવ દ્વારા કલીન ઈન્ડીયાનું અમરેલી શહેરમાં કાર્ય શરુ થયુ. જનસમુદાયમાં પર્યાવરણનો અભ્યાસ અને પર્યાવરણ સંભાળ માટે જાગૃતિ કેળવવામાં આવી. નગરપાલિકા, સરકારી તંત્ર, મીડીયા અને આગેવાનોને જોડયા. અમલવારી શાળાનાં બાળકો મારફત કરવામાં આવી. જે માટે અમરેલી સીટીની ૬ શાળા અને પછીના વર્ષોમાં દીવની ૫ શાળા સાથે જોડાણ કર્યુ. સ્વચ્છતા અંગે, પાણી અને હવાની ગુણવતા દેખરેખ, પેપર રીસાયકલ, તહેવારોમાં કુદરતી રંગોના ઉપયોગ તથા એન્ટીકેકર કેમ્પેઈન કામગીરીમાં શ્રેષ્ઠતા બદલ લગાતાર ત્રણ વર્ષ રાષ્ટ્રિય એવોર્ડ મળ્યા હતા. વર્ષ ૨૦૦૨ દરમ્યાન ફરતું પુસ્તાકાલય ખાંભા / જાફરાબાદ તાલુકાનાં ૨૦ ગામો માટે શરૂ કરવામાં આવ્યું. આજે સંસ્થા પાસે ૭૦૦ થી વધુ પુસ્તકોની લાયબ્રેરી પણ છે. સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૦થી કુટુંબ સલાહ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી. કુટુંબનાં ઝઘડાઓ માટે સલાહ–પરામર્શ દ્વારા નિરાકરણ લાવવા આ કેન્દ્રના પરામર્શકો દ્વારા ૧૫૭ કેસો માટે કાર્યવાહી કરવામાં આવી અને ૧૦૦૦ વધુ મહિલાઓને વ્યકિતગત / જુથમાં માર્ગદર્શન આપવામાં આવ્યું. ૨૦૦૪માં સ્કુલ એઈડ્ઝ એજયુકેશન કાર્યક્રમ તળે એઈડ્ઝ સમસ્યા દૂર કરવા શાળાનાં કિશોરોનો સહકાર મેળવી જાગૃતિ ઉભી કરવામાં આવી.

જીલ્લા કક્ષાના લો કોસ્ટ તાલીમ કેન્દ્રની સ્થાપના થઈ તેમાં ૫૦૦૦ થી પણ વધુ તાલીમાર્થીઓને તાલીમ કરવામાં આવી.

શેર એન્ડ કેર ફાઉન્ડેશનનાં સહયોગથી મેડીકલ હેલ્થ કેમ્પનાં આયોજન કરવામાં આવ્યું. દવાનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું.

વર્ષ ૨૦૦૫માં ગ્રામ્ય સ્તરે પ્રસુતિ દરમ્યાન માતા અને બાળકનાં મૃત્યુદરને ઘટાડવાનાં હેતુથી કામ કરતી દાપણને વૈજ્ઞાનિક રીતે તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં

૩૬ દાપણ બહેનોને તાલીમ આપી હતી.
ખાંભા તાલુકાનાં ચક્રાવા ગામે ૨૭ જાન્યુ ૨૦૦૫માં વાલીઓ સાથે સંમેલન કરવામાં આવ્યું. જેમાં વાલીઓનો શાળા સાથે સંબંધ પ્રસ્થાપિત થાય અને બાળક પ્રત્યે વાલીની જવાબદારીની સમજણ ઉભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. વર્ષ ૨૦૦૫માં સ્ત્રી સાથે ભેદભાવ, દિકરીજન્મનું ઓછુ પ્રમાણ વગેરેને ધ્યાને લઈને કચ્છ સૌરાષ્ટ નેટવર્ક સાથે રહીને જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી. ઓકસફામના સહયોગથી 'વી કેન" કેમ્પેઈનનું લોન્ચીગ થયુ જેમાં રાજયભરની સ્વૈચ્છીક સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાયા હતા. કલેકટરશ્રીના હસ્તે ભવ્ય રેલીનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. 'વી કેન" અંતર્ગત કાર્યશાળાઓ તથા ૩૦ ગામોમાં સ્ત્રી હિંસા વિરોધી ઝુંબેશ શેરી નાટકો / ગ્રામ્યસભાઓ દ્વારા ચલાવવામાં આવી હતી.
સ્કુલ એઈડઝ અંતર્ગત ફ્રેશર ટ્રેનિંગ, પીયર એજયુકેટરની તાલીમ, એસ સ્વામી નાથન રીચર્સ સેન્ટર ચેન્નઈ અને રીસર્ચ ઈન્સ્ટીટયુટ હૈદરાબાદની મુલાકાત લીધી. કલીન કાર્યક્રમના વિદ્યાર્થીઓએ આર્યુવેદિક ઉદ્યાન (હર્બલ કોર્નર) માટે ૨૫૦ વૃક્ષોનું વાવેતર કર્યુ. પર્યાવરણ જાગૃતિ માટે એક સાયકલ પ્રવાસનું અને બુધ્ધીજીવીઓસાથે વાર્તાલાપ કર્યો.

– રમેશભાઈ સોલંકી

## દાંત એટલે આપણા બત્રીસ દીકરા

શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમનાં સર્વે મુજબ ૪ થી ૧૨ વર્ષનાં ૭૦ થી ૮૦% બાળકો દાંતનાં રોગથી પીડાય છે. માન્યતાં એવી છે કે નાના બાળકોનાં દૂધિયાં દાંતની સંભાળ રાખવી જરૂરી નથી કેમ કે તે પડી ગયા પછી નવા દાંત આવવાનાં છે. પરંતુ આ માન્યતાં ખોટી છે. કેમ કે દૂધિયાં દાંત સડાને કારણે વહેલા પડી જાય તો જડબામાં જે જગ્યા દૂધિયા દાંત રોકે છે તેનો વિકાસ અટકી જાય છે અને કાયમી દાંત માટે જડબામાં જગ્યા ઓછી રહે છે અને નવા દાંતની ગોઠવણી ચોકકસ ન થતા આડા અવળી થાય છે. દૂધિયા દાંત વ્હેલા પડી જાય તો કાયમી દાંત આવે ત્યાં સુધી ખોરાક ચાવવામાં મુશ્કેલી રહે. કાયમી દાઢ ૬ વર્ષે આવે તેને દૂધિયા દાંત સમજી યોગ્ય સારવાર ન થાય તો કાયમી એક દાઢનું નુકશાન થાય છે. દૂધિયા દાંત વ્હેલા પડી જાય તો ચહેરાની સુંદરતામાં ઘટાડો થાય છે. દૂધિયા દાંત પડવાની શરૂઆત ૬ થી ૭ વર્ષે થાય અને વારાફરતી કાયમી દાંત આવે જો ભુલથી કાયમી દાંત કાઢી નાખે તો બીજા દાંત ઉગતા નથી.

બાળકોનાં દાંતની સંભાળ

બાળકને દૂધિયા દાંત આવ્યા પછી થોડુ સમજતુ થાય એટલે બ્રશ સવાર–સાંજ કરાવવું. દાંત સાથે ચોટી જાય તેવી વસ્તુઓ જેવી કે ચોકલેટ, ગોળ અને મીઠાઈ ખવડાવ્યા પછી વ્યવસ્થિત કોગળા કરાવવા

**મનથી જો મહેમાન થવાયને તો સગાનું ઝૂંપડું પણ મહેલ લાગે.**

અને આવી વસ્તુ રાત્રે આપવી નહી. રાત્રે સુતી વખતે ફરજીયાત બ્રશ કરાવવું. બાળકને અંગુઠો સુચવાની તેમજ દૂધની બોટલ મોં માં આપીને સુવડાવવાની આદત દૂર કરવી જે દાંતનાં સડા માટે મુખ્ય જવાબદાર છે. સારી ગુણવત્તાવાળુ ટુથ બ્રશ અને બ્રશ કરાવવાની વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવવી. બાળકનાં દાંત ઉપર સડા પ્રતિરોધક રસાયણ ફ્લોરાઈડ લગાડી શકાય જે નિષ્ણાંત ડોકટરની સલાહ લઈને લઈ શકાય છે. દર છ મહિને દાંતની નિયમિત તપાસ કરાવવી.

બાળકને બ્રશ કરાવવાની ટીપ્સ

બાળકને બ્રશ કરાવવું ખૂબ અઘરૂં છે તે માટે જરૂરી સમય ફાળવવો. પહેલો દાંત ઉગે ત્યારથી બ્રશ, સ્વચ્છ કપડા કે કોટન વડે દાંત સાફ કરી શકાય. ફિંગર બ્રશનો પણ ઉપયોગ કરી શકાય છે. બ્રશ કરાવવા રમતનાં માધ્યમનો ઉપયોગ થાય જેમ કે ચાલ મજા કરીએ, ગીતો ગાવ, શોર ગુલ કરો જેથી બાળકને પણ બ્રશ કરવાની ઈચ્છા થશે. સામૂહિક બ્રશ કરવું અને ખૂબ મજા આવે છે તેવા ઉચ્ચારણો કરો જેથી બાળક પણ બ્રશ કરવા આતુર બનશે અને એ પણ કહો કે બેટા, આપણે જમેલો ખોરાક દાંત સાથે ચોટી જાય છે અને એ ખાવા કીટાણું દાંત ઉપર ચડી જાય છે અને ધીમે ધીમે દાંતને પણ ખાવા લાગે છે. એટલે જમ્યા પછી એ કીટાણુંને બ્રશ ઘસીને મારી નાખવા જોઈએ. દાંત વગર કેટલી તકલીફ પડે એ સમજાવો. કીટાણુંની જગ્યાએ જીવડા, નાના રાક્ષસ કે વિલન જેવા શબ્દોનો પ્રયોગ કરવો. તમે પણ બાળકની સાથે બ્રશ કરો.

ડહાપણદાઢ

ડહાપણ દાઢ ઉગે ત્યારેખૂબ દુઃખાવો થાય. આ દાઢ ૧ થી ૨૫ વર્ષની વચ્ચે આવે છે. જો જડબામાં પુરતી જગ્યાનાં હોય તો તે બહાર આવવાની કોશિષ કરે જેથી આગળની દાઢ પાછળ ફસાઈ જાય. ડહાપણ દાઢ ઉગતી વખતે થોડોક ભાગ પેઢાની બહાર દેખાય અને થોડોક ભાગ પેઢામાંથી ઢંકાયેલો હોયતો પેઢા અને દાંતની વચ્ચે પોલાણ બને છે. જેમાં ફસાયેલા ખોરાકનાં કણો કોહવવાથી સડો અને રસી થાય છે. જેનાં કારણે પેઢામાં દુઃખાવો થઈ શકે છે. આ માટે ડોકટરની સલાહ લેવી જરૂરી છે. જેનાં ઘરગથ્થુ ઉપાયમાં મીઠાનાં પાણીનાં કોગળા કરવા.

દાંત અને મોઢું સ્વસ્થ રાખવાનાં સોનેરી સૂત્રો

રોજ બે થી ત્રણ વખત બ્રશ કરવું. વિટામીન અને ખનિજ તત્વોથી ભરપુર રેસાવાળો ખોરાક લેવો. આઈસ્ક્રીમ, ચોકલેટ, મીઠાઈ વગેરેનો ઉપયોગ ઓછો કરવો બે ભોજન વચ્ચે આવો ગળ્યો કે ચીકણો આહાર ન લેવો. પાન, મસાલા, ગુટખા કે ધુમ્રપાન લેવાનું ટાળો. દર છ મહિને દાંતનાં ડોકટરની પાસે દાંતની તપાસ કરાવવી.

**સંકલન – રમેશભાઈ સોલંકી**

**વિશ્વાસ એ જીવનનો સૌથી મોટો ખજાનો છે.**

## ઉત્તમ કપાસની પહેલ અંતર્ગત,પીયુ–૪૫નાં એલ જી લીડર ક્ષમતાવર્ધન વર્કશોપ

તા. ૧૯/૦૧/૨૦૨૧ નાં રોજ પીયુ–૪૫ (બાબરા–અમરેલી)નાં કુલ ૨૦ ગામોનાં એલજી લીડર માટે ઉત્તમ કપાસની પહેલ અંતર્ગત ક્ષમતા વર્ધન વર્કશોપનું આયોજન એસએસકેકે અમરેલી ખાતે કરવામાં આવ્યું જે પીયુ–૪૫નાં કાર્યકરો, પીયુ મેનેજર અને એલજી લીડર દ્વારા કુલ ૫૦ લોકોએ ભાગ લીધો.

કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગટય કરીને સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ પીયુ–૪૫નાં પીયુ મેનેજર શ્રી રાજેશભાઈ રાઠોડ દ્વારા સંસ્થાનો પરિચય, આ સંસ્થામાં ચાલતાં અન્ય પ્રોજેકટ અને આ વર્કશોપનો હેતુ સમજાવવામાં આવ્યુ. તે મુજબ આ તાલીમથી એલજી લીડરની ક્ષમતામાં વધારો થાય અને પ્રોજેકટનાં મૂળ ઉદેશ્ય અનુસાર ફાર્મર ખેતીનાં ખર્ચમાં ઘટાડો કરે અને આવકમાં વધુ વધારો કંઈ રીતે કરી શકાય તે બાબતને મહત્વની ગણી તે અંગે વિસ્તાર પૂર્વક જણાવ્યું.

આ વર્કશોપ અંતર્ગત પીયુ–૪૫નાં ભૂતપૂર્વ પીયુ મેનેજર શ્રી નરેન્દ્રભાઈ પોંકીયા દ્વારા પીયુ–૪૫નાં ૪૫૦૦ ખેડૂતો છેલ્લા ૪ વર્ષથી બીસીઆઈ સાથે સંકળાયેલા છે. તે વાત જણાવી અને વધુ સારો કપાસનો પાક મેળવવા માટે ગુલાબી ઈયળનાં ઉપદ્રવ અને તેનાં નિયંત્રણ માટે વૈજ્ઞાનિક પદ્ધતિની સવિસ્તાર વાત કરી અને સાથે સાથે શિયાળુ પાક જેવા કે ઘઉં અને જીરૂ માટે વિગતવાર વાત કરી જેમાં વાવેતરથી માંડીને કાપણી અને આવક સુધીની સાઈકલની માહીતી



**જીવનમાં જવાબદાર બનો જવાબદારી ના બનો.**

આવી તેમાં કયાં–કયાં પ્રકારની માવજત, જાળવણી અને ધ્યાને રાખવાની વિગતોની મુદા વાઈઝ વાત કરી.

આ વર્કશોપમાં અતિથી વિશેષ તરીકે કેવીકે અમરેલી ખાતેથી પધારેલ શ્રી વી.એસ.પરમાર સાયન્ટીસ્ટ (એકટેન્શન એજયુકેશન) દ્વારા જમીનમાં પોષક તત્વોનું મહત્વ અંગેની જાણકારી આવી અને ઓડીયન્સમાંથી ઉપસ્થિત થયેલ પ્રશ્નોનું નિરાકરણ કર્યુ.

સંસ્થાનાં કાયરેકટર શ્રી ધીરૂભાઈ વાગડીયા દ્વારા સંગઠિત થઈને ખેતી કરવાની અને ઓર્ગેનિક ખેતી ઉપર ભાર મુકવો. પીયુ–૪૫નાં હરીપુરા ગામનાં એલજી લીડર શ્રી ભનુભાઈ કોટડીયા દ્વારા તેમનાં દ્વારા થતી ઓર્ગેનિક ખેતી વિશે વિસ્તૃત વાત કરી અને આ અંગે વધુ માર્ગદર્શનની જરૂર જણાય તો ગમે ત્યારે સંપર્ક કરવા જણાવવામાં આવ્યું. ઉપસ્થિત ખેડૂતો દ્વારા સારી ખેતી માટે પોતાનાં સારો અનુભવો શેર કર્યા. કાર્યક્રમનાં અંતમાં રમેશભાઈ સોલંકી દ્વારા ડેન્ટલ–હાઈજીન પ્રોજેકટ અંગે માહીતી આવી. સદર વર્કશોપનું સંપૂર્ણ સંચાલન શ્રધ્ધાબેન કથીરીયા એફએફ દ્વારા કરવામાં આવ્યું અને પધારેલા સૌનો આભાર માન્યો અને કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો.

આ જ રીતે અન્ય ૩ પ્રોજેકટમાં પણ એલ જી લીડર ક્ષમતાવર્ધન વર્કશોપ યોજાયા હતા. વાંકીયા મુકામે ગ્રેડીંગ મશીન પર અવિરતના હોદેદારો તથા સ્ટાફની તાલીમ યોજવામાં આવી હતી.

**– રાજેશભાઈ રાઠોડ**



**કોઈની પણ નિંદાથી ગભરાઈને પોતાના લક્ષ્યથી દૂર ન ભાગવું જોઈએ.**

## ઉનાળુ મગફળીની ખેતી પદ્ધતિ

મગફળીએ તેલીબીયા પાકોમાં આગવું સ્થાન ધરાવે છે. ઉનાળામાં મગફળી વાવવાથી રોગ જીવાતનો ઉપદ્રવ ઓછો જોવા મળે છે. તેમજ અફલાટોક્ષિનનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

### વાવણીનો સમય

સૌરાષ્ટ્ર માટે જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયા, દક્ષિણ ગુજરાતમાં ડીસેમ્બર થી જાન્યુઆરીના બીજા અઠવાડિયામાં, મધ્ય ગુજરાતમાં જાન્યુઆરીના ત્રીજા અઠવાડિયામાં વાવેતર કરી શકાય છે. મગફળીનું વાવેતર મોડામાં મોડું ૧૦ ફેબ્રુઆરી સુધી કરી શકાય છે.

હેક્ટરે ૧૦૦ થી ૧૨૦ કિલો બીજદર રાખવો જોઈએ. વાવણીનું અંતર ૩૦ સેમી થી ૭.૫ સેમી વાવેતર કરવું. ઉગસુકનાં રોગ માટે મેન્કોઝેબ અથવા કેપ્ટન અથવા એમીસાન ફૂગનાશક દવાનો પટ ૩ ગ્રામ/કિલો બીજ પ્રમાણે આપવો જોઈએ. ત્યારબાદ રાઈઝોબીયમ કલ્ચરનો પટ આપવો જોઈએ.

### દેશી તેમજ રાસાયણિક ખાતરો

૮થી ૧૦ ટન છાણીયું ખાતર હેક્ટરે આપવું, જમીનનું પૃથ્થકરણ કરાવી ભલામણ મુજબ રાસાયણિક ખાતરો નાખવા જોઈએ. ઉનાળુ મગફળીના પાકને ૨૫ કિલો કેલ્શિયમ અને ૪૦ ગંધક હેક્ટરે આપવું. જમીનમાં જસત અને લોહની ઉણપ હોય તો ૨૫ કિલો ઝીંક સલ્ફેટ અને ૫૦ કિલો ફેરસ સલ્ફેટ આપવું.

### પિયત

વાવણીના ૮ થી ૧૦ દિવસે બીજું પિયત આપવું. જમીનના પ્રકાર, વિસ્તાર અને હવામાન આધારિત મગફળીના પાકના ૭ થી ૧૫ દિવસે પિયતની જરૂરિયાત રહે છે. મગફળીના પાકમાં કટોકટીની અવસ્થા જેવી કે ફૂલ અવસ્થા, સુયા બેસવા, ડોડવા બેસવા અને ડોડવામાં દાણાના વિકાસ સમયે પાણીની ખેંચ પડે નહી તેની ખાસ કાળજી લેવી જોઈએ.

### નિંદણ વ્યવસ્થાપન

૪૫ દિવસ સુધી પાકને નિંદામણ મુકત રાખવો, આંતરખેડ તથા હાથથી નિંદામણ કરવું. નિંદામણ ઉગ્યા બાદ ઈમીઝેથાપાયર અથવા કવીઝાલાફોપ ઈથાઈલ અથવા પ્રોપાકવીઝા વાપરી શકાય. સ્ફુરણ પહેલા પેન્ડીમીથેલીન ૩.૩૩ લીટર/હેક્ટર મુજબ છંટકાવ કરવો.

### કાપણી

ઉનાળુ પાક આશરે ૧૨૦ દિવસમાં તૈયાર થાય. કાપણી સમયે જમીન કઠણ હોય તો હળવું પિયત આપી કાપણી કરવી. નાના પાથરાની સુકવણી કરી એક થી બે વખત ફેરવવા. ડોડવાને થ્રેસરથો અલગ કર્યા બાદ છાંયડે સૂકવવા ભેજનું પ્રમાણ ૮ ટકાથી ઓછું હોય તો સંગ્રહ કરવો અથવા વેચાણ માટે લઈ જવી જોઈએ. આ રીતે ઉનાળુ મગફળી નું ઉત્પાદન સરેરાશ ૨૫૦૦ થી ૩૦૦૦ કિલો/ હેક્ટરે મેળવી શકાય છે.

– કૌશિકભાઈ પંડયા

**પિતાનું હરતું ફરતું હૃદય એટલે દિકરી.**

## લર્નીંગ આસીસ્ટન્સ

શાળાઓ કોરોના પેન્ડેમીકના કારણે બંધ હોવાથી બાળકોના શિક્ષણ માટે થતા પ્રયાસોમાં વર્ચ્યુલ લર્નીંગએ મહત્વની ભુમિકા રહી. શહેરી વિસ્તારોમાં તે કાર્યાન્વિત થઈ શકયુ પરંતુ ગ્રામિણ અંતરીયાળ વિસ્તારોમાં તે મુશ્કેલ જોવા મળ્યુ. બાળકો તો ઠીક પણ વાલીઓ પાસે પણ સ્માર્ટ ફોન નથી ત્યારે આ બાળકો કઈ રીતે ઘેરબેઠા શિક્ષણ મેળવી શકે તે મોટો પ્રશ્ન હતો. હરિરાજ સંસ્થાના કાર્યકરોના ધ્યાનમાં આ બાબતો આવી એટલે તરતજ ચર્ચા શરૂ થઈ કે આપણે શું–શું કરી શકીએ.

કાર્યકરોએ તેમના વાલીઓની સંમતિથી સામાજીક અંતર રાખી માસ્ક અને સેનીટાઈઝરની વ્યવસ્થાઓ સાથે તેઓ જે ઘેર બેઠા શીખો તે અભ્યાસક્રમ કરાવવા માટે જવાનું શરૂ કર્યુ કારણ કે આ બાળકોની શીખવાની બાબતો જાળવી રાખવી ખુબ જરૂરી હતી કારણ કે આટલા લાંબા સમય સુધી શાળાથી દુર રહેવાના કારણે તેમની શીખવાની પ્રક્રિયા ધીમી પડી તેમ જણાતા પ્રથમ વર્ચ્યુલ વર્ગો ચલાવવા પ્રયાસ કર્યા પણ મોબાઈલ તથા ઈન્ટરનેટ સુવિધાના અભાવે તે સારી રીતે કાર્યાન્વિત થઈ શકયુ નહી. એસએસકેકે ના લેમ્પ કાર્યક્રમમાં પણ આ સ્થિતિ રહી પણ તેમાં સીટીઝન એજયુકેટર અને કિશોરી ગૃપની મદદથી નિર્ધારિત કાર્ય ચાલુ રાખવા પ્રયાસ કર્યો. હવે થોડી સ્થિતિ સારી બનતા બેઈઝલાઈનને ધ્યાનમાં રાખી અઠવાડીક આયોજન અનુસાર સારી રીતે કામ ચાલી રહયુ છે.

આ પરિસ્થિતિમાં જે શીખ બની તેના આધારે હરિરાજ દ્વારા ૫ સ્થળોએ "લર્નીંગ આસીસ્ટન્સ" નામે એક પ્રયાસ સ્વયંસેવકો કે મેન્ટર દ્વારા થયો અને તેમને "લર્નીંગ આસીસ્ટન્ટ" નામે કામ કરવાનું શરૂ કર્યુ. તેઓએ તેની આસપાસ રહેતા બાળકોને શીખવાની પ્રક્રિયામાં સામેલ થઈ શકે તેવા હેતુથી તેમની શીખવાની જરૂર પીછાણી તે મુજબ માર્ચ મહિના સુધીનો એક કામચલાઉ અભ્યાસક્રમ બનાવવાનો પ્રયાસ કર્યો. સંસ્થાએ જરૂરી મદદની ખાત્રી આપી આ કાર્યક્રમ શરૂ કર્યો.

આ કામગીરી શરૂ થયાને ત્રણ માસ જેવો સમય થયો છે. આ મહિનેથી આ શીખવાની પ્રક્રિયાને બાળકોની રસ રૂચિ અનુસાર આગળ ધપાવવામાં આવી રહી છે. આ કામગીરીની દેખરેખ માટે દર સોમવારે બધા લર્નીંગ આસીસ્ટન્ટ વર્ચ્યુલ માધ્યમથી જોડાઈને પરસ્પર સંમતિથી આ કામની સમિક્ષા કરી રહયા છે.

માર્ચ સુધીનો અભ્યાસક્રમ જે બન્યો છે તે મુજબ આ મિત્રો કાર્ય કરી રહયા છે શાળા શરૂ થાય તો આ કામગીરી શાળા સમય પહેલા અથવા પછી ચલાવવાની તૈયારી કરી રહયા છે.

– ધીરજ વાગડીયા

**બાળકોને વાંચી શકે એ જ સાચો શિક્ષક.**

## Happy Birthday

Ankit Kathiriya 11/02/2000

## In this month

1. Child care workshop Shedubhar.
4 & 7 Meeting with ECF partner organisation and penal discussion with donor.
4 Workshop on understand livelihood project process.
11 Field Visit Khambha, Rabarika, Naliyeri Moli, Timbi and Dhokadva.
23 Avirat Bord of directors meeting.
26 Jashvantgadh LA work visit and childline activities.
28 Entrepreneurs workshop at Vankiya

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK

**ટપક કાર્યાલય :**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**કિરણ સૂર્યનું હોય કે આશાનું હંમેશા અંધકારને જ દૂર કરે છે.**